ન્યુ ગુજરાત પેટર્ન અન્વયે કરવાનું થતું આયોજન તથા
વિકાસાધીન જોગવાઈના અમલીકરણ માટે માર્ગદર્શક
સૂચનાઓના ઘડતરના હેતુસર રચવામાં આવેલ
સમિતિની ભલામણો બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
(આદિજાતિ વિકાસ પ્રભાગ)
ઠરાવ ક્રમાંક:ટીએપી-૨૦૦૦-૮૧૬-૫
નવા સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૦૬-૧૨-૨૦૦૧

<u>વંચાણે લીધા:</u>

૧. સા.ન્યાય અને અધિ. વિભાગનો તા:૧૭/૯/૯૯નો ઠરાવ ક્રમાંક:બજટ/૧૦૯૯/૧૫૮/૫
૨. સા.ન્યાય અને અધિ. વિભાગનો તા:૨૬/૪/૨૦૦૦નો સરખા ક્રમાંકનો ઠરાવ

ઠરાવ :

ન્યુ ગુજરાત પેટર્નની પ્રથા અને કાર્યપદ્ધતિનો સુદૃઢ કરવા હાલની પ્રથા તપાસી યોગ્ય અંદાજપત્રકીય કાર્યપદ્ધતિ અખત્યાર કરવા અને અંદાજપત્રકીય અને આયોજન સંબંધિત બધા જ પાસાઓનો અભ્યાસ કરી અહેવાલ મેળવી, તદનુસાર આ યોજનાઓનું અમલીકરણ, સંચાલન કરવા માટેના નિયમો/વિનિયમો/સુધારેલ માર્ગદર્શક સૂચનાઓના ઘડતરનાં હેતુસર, સર્વે સંલગ્ન મુદ્દાઓ તપાસ અહેવાલ રજૂ કરવા માટે આમુખમાં ક્રમાંક: ૨ આગળ દર્શાવેલ તા:૨૬/૪/૨૦૦૦ના ઠરાવથી અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગના અધ્યક્ષપદે એક સમિતિની રચના કરવામાં આવી હતી. આ સમિતિની બેઠકો અનુક્રમે તા:૨૫/૫/૨૦૦૦ અને તા:૩૧/૫/૨૦૦૦ના રોજ મળી હતી અને સમિતિએ સચિવાલયના વિભાગો જેવાં કે શિક્ષણ વિભાગ, શ્રમ અને રોજગાર વિભાગ, માર્ગ અને મકાન વિભાગ તથા પ્રાયોજના વહીવટદારશ્રીઓને તપાસ્યા હતા અને તેઓની વહીવટી મુશ્કેલીઓ અંગે તેમના મંતવ્યો ધ્યાને લઇ ચર્ચા વિચારણાને અંતે તેનો અહેવાલ સરકારશ્રીને રજૂ કર્યો હતો. <u>જે અંગે જરૂરી વિચારણાના અંતે સરકારશ્રી આ અહેવાલની ન્યુ ગુજરાત પેટર્ન હેઠળની જોગવાઇ એક જ સદરે રકમ આદિજાતિ વિકાસ વિભાગ હસ્તક રાખવવાની ભલામણ સિવાયની નીચે દર્શાવેલ બધી જ ભલામણોનો સ્વીકાર કરવાનું આથી ઠરાવે આવે છે.</u>

(૧) ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ રૂ.૨૦૦.૦૦ કરોડની જોગવાઇ હાલની પ્રથા મુજબ સદર/પેટા સદરવાર કરવાની રહેશે. આ અંગેનું આયોજન, ગ્રાન્ટની ફાળવણી, યોજનાની મંજૂરી, સમીક્ષા, મૂલ્યાંકન, જવાબદારી વિગેરે આદિજાતિ વિકાસ વિભાગ હસ્તક રહેશે. આ રકમની વહેંચણી, સદરોની સમતુલા, અગ્રતા, ઘડતર અને આયોજન મંજૂરી અંગેની માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવાની રહેશે. આ માટે વિભાગે તજજ્ઞ સંસ્થાઓ અને કેટલાક વરિષ્ઠ અધિકારીઓના પરામર્શમાં એક સમગ્ર અભિગમ પત્ર પણ તૈયાર કરવાનો રહેશે.

(૨) જિલ્લા કક્ષાએ વિકાસના કામો જિલ્લા આદિજાતિ વિકાસ મંડળ દ્વારા મંજૂર કરવામાં આવે છે પરંતુ જે તે સદરોમાં કામોની અગ્રતા અને કામોની પસંદગીની સમીક્ષા વિભાગ દ્વારા કરવાની રહેશે.

...૨/-

(૩) પ્રાયોજનાવાર આયોજન મંજૂર કરતી વખતે નીચેના સિદ્ધાંતોને લક્ષમાં રાખવાના રહેશે.

૧. મોટી યોજનાઓના સંદર્ભમાં જે તે વર્ષની જોગવાઈ કરતાં દોઢસો ટકા રકમથી વધુ રકમની યોજનાઓ મંજૂર કરવાની રહેશે નહીં. પરંતુ ખાતાકીય કામનું અમલીકરણ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈ કરતા ખર્ચ કોઈપણ સંજોગોમાં વધે નહીં તે મુજબ કામ કરવાની કાર્યવાહી કરવાની રહેશે.

૨. માર્ગ અને મકાન વિભાગ અને નર્મદા, જળ સંપત્તિ અને પા.પુ.વિભાગ મારફત કરવાના થતાં કામો માટે દરેક કામ દીઠ રૂ.૨૦.૦૦ લાખની મર્યાદામાં સુધારો કરી વર્ષ ૨૦૦૧-૨૦૦૨ થી ગુજરાત પેટર્ન હેઠળ કરવાના થતાં કામોમાં કામ દીઠ રૂ.૩૦.૦૦ લાખની પ્રોજેકટ કોસ્ટ રાખવાનું ઠરાવવામાં આવે છે.

૩. લેવામાં આવેલ દરેક યોજના ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે અને ત્રણ વર્ષ બાદ કોઈ ચાલુ જવાબદારીને મંજૂરી આપવામાં આવશે નહીં.

૪. પ્રાયોજનાવાર આયોજન મંજૂર કરતી વખતે માનવ વિકાસ સૂચકાંક સુધારણા અંગે રાજય સરકારના ધ્યેયને અનુરૂપ સામાજીક સદરોએ પૂરતી રકમ ફાળવવામાં આવેલ છે તે બાબત આદિજાતિ વિકાસ વિભાગે જોવાની રહેશે.

૫. ખર્ચમાં કરકસરના દ્રષ્ટિબિંદુને ધ્યાને લેવાની સાથે બધા કોન્ટ્રેકટ આપવા, સમીક્ષા કરવા અને પૂરા કરવામાં પારદર્શકતા રાખવાની રહેશે.

૬. તાંત્રિક મંજૂરી અને વહીવટી મંજૂરી અંગે સામાન્ય વહીવટ વિભાગની માર્ગદર્શક સૂચનાઓ મુજબ સમય મર્યાદાની ચોકકસ જોગવાઈઓ કરી જવાબદારીના સિદ્ધાંતોનો સમાવેશ કરવાનો રહેશે.

૭. નોર્મલ બજેટના કામો સાથે આ કામો બેવડાય નહીં તે જોવાનું રહેશે.

(૪) આદિજાતિ વિકાસ વિભાગે દરેક પ્રાયોજનાને સદરવાર ફાળવણીની જાણ કરવાની રહેશે. જેને લક્ષમાં લઈ, પ્રાયોજના વહીવટદારશ્રીઓએ ઉપર જણાવ્યા અનુસાર આયોજન આદિજાતિ વિકાસ વિભાગ અને કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીને મોકલવાનું રહેશે. જે મળ્યેથી ઉપર જણાવેલ સિદ્ધાંતોને લક્ષમાં લઈ જે તે નાણાંકીય વર્ષની ૩૦ મી જૂન સુધીમાં આદિજાતિ વિકાસ વિભાગ તેને મંજૂરી આપશે.

(૫) વિભાગે આ રકમના વપરાશ અંગે ખૂબ જ નજીકથી સમીક્ષા કરવાની રહેશે. જેથી પ્રાયોજનાને ફાળવેલ રકમ પૂરેપૂરી વપરાઈ જાય. આ સંબંધમાં વિવિધ યોજનાઓના અમલીકરણ માટે માન્ય સ્વૈચ્છિક સંસ્થાઓની સેવાઓ લેવાની રહેશે.

(૬) વર્ષ ૧૯૯૯-૨૦૦૦ અને ૨૦૦૦-૨૦૦૧ પૂરું થઈ ગયેલ હોઈ આ ભલામણો ઉકત વર્ષોને લાગુ પાડી શકાશે નહીં. વર્ષ ૨૦૦૧-૨૦૦૨ને લાગે વળગે છે ત્યાં સુધી આ રકમનું આયોજન દરેક પ્રાયોજના વિસ્તારમાં થઈ ગયેલ છે. તેથી આ વર્ષે પણ આ ભલામણ લાગુ પાડવાથી ઘણી મુશ્કેલીઓ ઉભી થશે. તેથી આ વર્ષે પણ આ ભલામણ લાગુ પાડી શકાય તેમ નથી. પરંતુ વર્ષ ૨૦૦૨-૨૦૦૩ થી અને તે પછીના વર્ષોમાં જે કોઈ રકમ ગુજરાત પેટર્ન હેઠળ મળે તે માટે આ ભલામણોનો અમલ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા:૨/૧૨/ ૨૦૦૧ ના રોજ મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જે.એમ.વ્યાસ)
નાયબ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
(આદિજાતિ વિકાસ પ્રભાગ)

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી/સચિવશ્રી
- બધા જ માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ/અંગત મદદનીશશ્રીઓ.
- માન. વિરોધપક્ષના નેતાશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(આયોજન), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય ગાંધીનગર.
- * ગુજરાત આદિજાતિ વિકાસ આયોજન બોર્ડના અધ્યક્ષશ્રી/ઉપાધ્યક્ષશ્રી/સભ્યશ્રીઓ.
- સચિવાલયના સર્વે વહીવટી વિભાગો
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, ગાંધીનગર.
- નાયબ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન, ગાંધીનગર.
- કાર્યવાહક સમિતિના અધ્યક્ષશ્રી/સર્વે સભ્યશ્રીઓ.
- સર્વે ખાતાના વડાઓ
- સર્વે પ્રાયોજના વહીવટદારશ્રીઓ/સંકલિત પ્રાયોજના વહીવટદારશ્રીઓ/પ્રોજેક્ટ ઓફિસર્સ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય અમદાવાદ/રાજકોટ
- નાણાં સલાહકારશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/વિભાગની સર્વે શાખાઓ

સિલેક્ટ ફાઇલ

* પત્ર દ્વારા.